# શૈક્ષણિક સામગ્રીમાં ભાવવધારો થતાં ભાર વિનાનું ભણતર માત્ર સ્વપ્ન બન્યું...!



તસવીર : દિપક જાની

ગાંધીનગર, તા.૧૦

આવતીકાલથી મોટાભાગની શાળા-કોલેજોમાં નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થઈ રહ્યો છે, ત્યારે ગાંધીનગરમાં શૈક્ષણિક સત્રના પ્રારંભની પૂર્વ સંધ્યાએ બજારોમાં વાલીઓ અને વિદ્યાર્થીઓની ભીડ જામી હતી. રવિવારનો દિવસ એટલે આમ તો રજાનો દિવસ તેમ છતાં સેકટર-૨૧ના શોપિંગ સેન્ટર, પાર્શ્વ સ્ટોર, ઘ-૨ પાસેના નવનીત સ્ટોર્સ અને સેકટર-૧૬ની વિદ્યા લાયબ્રેરીમાં વાલીઓ અને વિદ્યાર્થીઓ નવા પુસ્તકો, સ્ટેશનરી, ગણવેશ, સ્કુલબેગ અને વોટરબેગ સહિતની શૈક્ષણિક સામગ્રીઓ ખરીદવામાં વ્યસ્ત બની ગયા હતા.

કારમી મોંઘવારીને લીધે આ વર્ષે શૈક્ષણિક સામગ્રીમાં ભાવવધારો થવાથી વાલીઓને આર્થિક બોજ સહન કરવો પડશે. આ વર્ષથી ધોરણ-૬, ૭, ૮ અને ધોરણ-૯માં સેમેસ્ટર પધ્ધતિ આવવાથી હવે વર્ષમાં બે વાર વાલીઓને શૈક્ષણિક સામગ્રીઓનો આર્થિક ભાર વેઠવો પડશે.

નોટબુક-ચોપડા, પેન્સિલ, રબર, સ્કૂલ ફી થી લઈને ગણવેશ જેવી તમામ ચીજવસ્તુના ભાવ વધ્યા છે. ચોપડાની કિંમતો વધી છે પણ ચોપડાના પાનાની સંખ્યા ઘટી ગઈ છે. પુસ્તકો અને ચોપડાની બાઈન્ડીંગની કિંમતો પણ વધી છે. એક પુસ્તક-ચોપડા દીઠ બાઈન્ડીંગના ભાવોમાં ૬ રૂ.થી લઈને ૮ રૂ. જેટલો વધારો થયો છે. આ ઉપરાંત દફતર, પાઉચ, વોટરબેગ, લંચબોક્સ અને ગણવેશના ભાવોમાં પણ ૧૫ થી ૨૦ટકા વધારો થયો છે.

દર વર્ષે શૈક્ષણિક સામગ્રીમાં વધતા જતા ભાવ વધારાને લીધે વાલીઓને માટે દિવાળી સમય દરમિયાન સામગ્રી ખરીદી માટેના બજેટ પ્લાનીંગ ખર્ચ કરતા જૂન માસથી શરૂ થતા શૈક્ષણિક સત્રની સામગ્રીના બજેટ પ્લાનીંગનો ખર્ચ વધી ગયો છે. એક તરફ સંતાનોને સારું શિક્ષણ આપવા માટે તગડી-ડોનેશન-ફી, ટ્યૂશન ખર્ચ વેઠવો પડે છે. ઉપરાંત બીજી તરફ ગણવેશ, નોટબુકો, સ્ટેશનરી, સ્કુલ વર્ધી વાહન ભાડુ વગેરેના આર્થિક બોજાને લીધે વાલીઓની પરિસ્થિતિ દયાજનક બની ગઈ છે. વર્ષ દરમ્યાન વધતી જતી મોંઘવારીને લીધે આમ આદમીને પોતાના એક સંતાનના શિક્ષણની તમામ સગવડો પૂરી પાડવા પાછળ ઓછામાં ઓછા દસ હજાર રૂપિયા જેટલો ખર્ચ કરવો પડે છે.

આજકાલ 'ભાર વિનાના ભણતર'ની વાતો કરવામાં આવે છે પણ તે માત્ર દફતરનો ભાર ઓછો કરવાથી કોઈ ફેર પડતો નથી કારણ કે વાસ્તવિક રીતે શૈક્ષણિક સામગ્રીમાં દર વર્ષે ભાવો વધવાથી ભણતરમાં ભારણ વધ્યું છે. જો દર વર્ષે ભાવવધારાની આ પરિસ્થિતિ ચાલુ રહેશે તો ભાર વિનાનું ભણતર માત્ર સ્વપ્ન બનીરહેશે અને વાલીઓ પર શિક્ષણનો બોજો વધતો રહેશે.

### ચોપડાનાં પાનાંની સંખ્યા ઘટી


અત્યાર સુધી ચોપડામાં ૧૯૨ પેજ આવતા હતા પણ આ વર્ષે મોંઘવારીને લીધે કાચા માલમાં ભાવવધારો થવાથી ચોપડાની કિંમતો વધી જયારે તેના પાનાની સંખ્યા ઘટી છે. આ વર્ષે ડઝન દીઠ ચોપડાની કિંમતોમાં ૧૫૦ રૂ.થી લઈને ૪૮૦ રૂ. જેટલો વધારો થયો છે. પણ ચોપડાના પાનાની સંખ્યા ૧૯૨ થી ઘટીને ૧૪૮ થઈ ગઈ છે. આમ ભાવવધારાને લીધે હવે ૧૪૮ પાનાવાળા ચોપડાની ડઝન દીઠ કિંમત રૂ. ૧૫૦ છે.

### શૈક્ષણિક સામગ્રીની વર્તમાન કિંમત

ચોપડા : ૧૫૦ રૂ. થી ૪૮૦ રૂ. સુધી
દફતર : ૨૦૦ રૂ. થી ૭૦૦ રૂ. સુધી
સ્ટેશનરી : ૨૦ રૂ. થી ૨૦૦ રૂ. સુધી
(પેન, પેન્સિલ, રબર, સ્ટીકર, ફુટપટ્ટી)
કંપાસ બોક્ષ : ૨૫ રૂ. થી ૨૦૦ રૂ. સુધી
વોટર બેગ : ૨૦૦ રૂ. થી ૪૦૦ રૂ. સુધી
ગણવેશ : ૫૦૦ રૂ.

# TETની પરીક્ષા આપનાર અનેક ઉમેદવારો અઘરા-પ્રશ્નપત્રથી નારાજ

## જો કે પ્રાથમિક વિભાગનું સંપૂર્ણ 'કન્ટેઈન' કરનાર ઉમેદવારો ફાવી ગયા!



ગાંધીનગર, તા.૧૦

પ્રાથમિક વિભાગમાં ધોરણ- ૧ થી ૪માં શિક્ષક બનવા થનગની રહેલા લાખો યુવાનોએ આજે TET ની પરીક્ષા આપી અઘરા પ્રશ્નપત્રની નારાજગી વ્યકત કરી હતી. કુલ ૧૫૦ ગુણના પ્રશ્નપત્રમાં દરેક વિભાગ પ્રમાણે પ્રશ્નો ન પૂછતાં બધા જ વિભાગના પ્રશ્નોને મિકસ કરીને પૂછતાં ઉમેદવારો માનસિક રીતે અસંતોષ અનુભવતા હતા અને અઘરા કે સહેલા પ્રશ્નો તારવવા જતાં સમય ખૂટતાં સંપૂર્ણ પ્રશ્નોના જવાબ સમયસર લખી શકયા નહતા.

ધોરણ-૧ થી ૪માં શિક્ષક તરીકે જોડાવવા માટે TET ની પરીક્ષા પીટીસી કે બી.એડ. ઉમેદવારે આપવી ફરજીયાત છે. ૧૦મી જૂન ૨૦૧૨ના રોજ પ્રાથમિક વિભાગના શિક્ષકોની લાયકાત ધરાવતા ઉમેદવારોની TET પરીક્ષા યોજાઈ હતી. જેમાં ધોરણ ૧ થી ૭નું ટયૂશન કરતા શિક્ષકો ફાવી ગયા હતા. જે ઉમેદવારોએ માત્ર ૫, ૬, અને ૭મા ધોરણનું ગણિત, અંગ્રેજી, વિજ્ઞાન અને ગુજરાતી કર્યું હતું તે દરેક ઉમેદવારને TET ના ૧૫૦ પ્રશ્નો સરળ લાગ્યા હતા. જો કે હોંશિયાર ઉમેદવારો માટે પેપર સાવ સહેલું રહ્યું હતું પરંતુ જે ઉમેદવારોએ ધોરણ ૧ થી ૭નું કન્ટેન તૈયાર ન હતું કર્યું તેમને આ પેપર સાવ અઘરું લાગ્યું હતું. ગણિતમાં અપૂર્ણાંક, ત્રિજયા, ઘનફળ, ક્ષેત્રફળ, વિજ્ઞાનમાં વક્રીભવન, વેગ, અંગ્રેજીમાં પેસિવવોઈસ, પાસ્ટ પાર્ટીસીપેન્ટ, સીમ્યુલર શબ્દો, ગુજરાતીમાં સમાનાર્થી, શબ્દકોશ પ્રમાણે શબ્દોના ક્રુમ, ઉપનામ, છંદ, ક્રિયા વિશેષણ વગેરેને લગતા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. શૈક્ષણિક મનોવિજ્ઞાન અને ફિલોસોફીને લગતા પણ પ્રશ્નો ઉમેદવારને વિચારતા કરી મૂકે તેવા હતા. શિક્ષણ આવૃત્તિનું અનુસંધાન લઈને પણ પ્રશ્નો પૂછાયા હતા. જો કે એલ.એલ.બી.નું ફુલ ફોર્મ લખવામાં કેટલાક લોકો મૂંઝાયા હતા.

પીટીસી પાસ કરીને બેસી રહેલા ઉમેદવારો માટે એકંદરે પ્રશ્નપત્ર ખૂબ જ અઘરું અને પરસેવો છોડી દે તેવું હતું જયારે જે ઉમેદવારોએ પીટીસી અને ગ્રેજયુએશન પુરું કરીને સતત શિક્ષણ સાથે સંપર્ક રાખ્યો છે, પ્રાથમિક વિભાગની ધોરણ-૧ થી ૭ની બધી ચોપડીઓ રસપૂર્વક વાંચી છે ને ભણાવી છે તેવા ઉમેદવારોને આ પ્રશ્નપત્ર ઘણું સહેલું લાગ્યું હતું.

# ગુજરાત ટૅકનોલૉજીકલ યુનિ દ્વારા ૨૨ એમઓયુ

અમદાવાદ, તા.૧૦

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા છેલ્લા બે વર્ષમાં ૨૨ જેટલા એમઓયુ કરવામાં આવ્યા છે. છેલ્લો એમઓયુ ૧૭ એપ્રિલના રોજ અમદાવાદ એવીએશન એન્ડ એરોનોટિક્સ લિ. સાથે કરવામાં આવ્યું હતું. મળતી માહિતી મુજબ જીટીયુ દ્વારા વિદ્યાર્થીઓ માટે ઉપયોગી થાય તે માટે વિવિધ કંપનીઓ તથા ઈન્સ્ટીટ્યુટ સાથે એમઓયુ કરવામાં આવ્યા છે. જેમાં ગુજરાત કેમીકલ એસોસીએશન, એસોચેમ, ચેમ્બર ઓફ કોમર્સ, ટોરન્ટ પાવર, વેલસ્પન કંપનીઓ સાથે પણ એમઓયુ કરાયા છે. મોટાભાગના એમઓયુ વિદ્યાર્થીઓને કંપનીમાં ટ્રેનિંગ મળી રહે તેના માટે કરાયા છે.

### જીટીયુની નોટિસ બાદ સુવિધા મામલે સાવધાન

# કુલ ૬૦ એમબીએ કોલેજોની સુવિધા ઊભી કરવા કવાયત

## જુલાઈ સુધીમાં તમામ સુવિધ ઉભી કરવાની તાકીદ કરાઈ

અમદાવાદ, તા.૧૦

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) દ્વારા એમબીએ કોલેજોમાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ૬૦ જેટલી કોલેજોમાં સુવિધાનો અભાવ જણાયો હતો. જેના પગલે જીટીયુએ આ કોલેજોને નોટીસ ફટકારી હતી. ઉપરાંત તેમને જુલાઈ સુધીમાં સુવિધા ઉભી કરવાની તાકીદ કરી હતી. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ સુવિધા ઉભી કરવામાં ન આવે તો તેમની બેઠકો કપાઈ જાય તેમ હોઈ કોલેજો દ્વારા સુવિધા ઉભી કરવા માટેની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ માટે કોલેજોએ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધા સાથે, લાયબ્રેરી, તથા લેબોરેટરી માટેની કામગીરી પણ શરૂ કરી દીધી છે.

જયારે ઘણી કોલેજોએ તો જીટીયુ સમક્ષ પ્રોફેસરોનું નવું લિસ્ટ મોકલી મંજુરી માટે કામગીરી શરૂ કરી દીધી હોવાનું જાણવા મળે છે.



ઈન્ફોસિટી ક્લબ ઍન્ડ રિસૉર્ટ્સ ખાતે સભ્યો માટે તરણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં દરેક વયના તરવૈયાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## શબ્દ સરવાણી

### દોહો

રામનામ કે કારણે સબ ધન ડાલા ખોય,
મૂરખ જાને ગીર ગયા, દિન દિન દૂના હોય

### જોડકણું

સિંહ મૂછ ભોરિંગ મણિ કરપી ધન સતી નાર
જીવતાં પરકર નવ ચડે, ત્યમ ક્ષત્રી તરવાર

### સુભાષિત

કાયા છે માટી સમી, ઘડીએ તેમ ઘડાય,
કાંચન એ ત્યારે બને, જેમ કસોટી થાય

### ચોપાઈ

સુત માનહિં માતુ પિતા તબ લૌં
અબલાનન દીખ નહીં જબ લૌં
(આ ઘોર કળિયુગમાં પુત્રો માતાપિતાની આજ્ઞા ત્યાં સુધી જ માનશે જ્યાં સુધી પોતાની પત્નીનું મુખ નહીં જોયું હોય)

### સોરઠો

કરવાં દરબારી કામ, દાનવો હરામની,
એ મરવાનાં ઠામ, સાચું સોરઠિયો ભણે.

### છપ્પો

શબ્દજાળ કરમના ગ્રંથ એમાં સાર ન લાધે અંત્ય
સાચુ સાધન જે કો કરો, વાગવિલાસ સકળ પરહરો
શબ્દાતીતને જાણે જેહ અખા સાચુ સાધન એહ

### શ્લોક

*સંપૂર્ણ કુંભો ન કરોતિ શબ્દમર્ધો ઘટો ઘોષમુપૈતિનૂનમ*
*વિદ્યાન્કુલીનો ન કરોતિ ગર્વ ગુણૈર્વિહીના બહુ જલ્પયન્તિ*
(અધૂરો ઘડો બહુ અવાજ કરે, ભરેલો શાંત હોય છે;
તે રીતે ગુણીજન શાંત રહે છે
પણ ગુણહીન બહુ બબડાટ કરતા હોય છે)

### શીખ

ઉનાળુ જોગીનો, ચોમાસું રોગીનો, શિયાળો ભોગીનો
ઉનાળો છાશનો, ચોમાસુ ઉપવાસ, શિયાળે પાક ખાસ

- સંકલન : પી એમ પરમાર 'દર્શન'

### હાકલ વીર સ્વામી વિવેકાનંદની

કરી છે હાકલ વીર સ્વામી વિવેકાનંદે
ઊઠો, જાગો, કરો ધ્યેય હાંસલ પંડે
કરે છે સહન બધું, જગમાં મા ધરતી,
બસ માગુ પ્રભુ એ જ મને દે શક્તિ
કરી હિંમત બનો બળવાન એ જ સંકલ્પ,
હિંમતે મર્દા મદદે ખુદા, બસ ના કોઈ વિકલ્પ
દીધું છે ઈશ્વરે અપાર જ્ઞાન સૌની ભીતર
કરી સુકર્મો બજાવી ધર્મ, જગમાં ચીતર
નાહક દોડી રહ્યો પામવા, અનંત સંસાર સુખો
ઝાંઝવાનાં જળ એનો, સુખ પછી આવશે દુખો
સત્ય છે માત્ર ઈશ્વર, આત્મા પરમાત્મા
સત્ય છે સ્વધર્મ, બજાવી જા ધર્માત્મા
રચ્યું જગ સારું, મોહ માયા બધું નશ્વર
જાગી જા છોડી બધું, શાશ્વત છે ઈશ્વર
ભર્યું વિશ્વ આખું, થકી અજ્ઞાન ઘોર અંધકાર
જલાવી જ્ઞાન જ્યોત તારી, જગાવી દે શુભ વિચાર
જીવી જા અન્યને માટે, જીવે જેમ પ્રકૃતિને વૃક્ષો
પ્રભુની એ જ છે પૂજા, સમજ લે અન્યના દુખો
નથી સ્વર્ગ કે નર્ક આ જગમાં બીજે ક્યાંય
છે નિવાસ એનો બસ, આપણા વિચારો માંહી

- રમણલાલ એમ શ્રીમાળી

### ભાગ્ય


ભાગ્ય પણ કેવું લખ્યું વિધાતાએ !
ખેતર ખોવાયા ત્યારે હળ મળે,
તેલ ખૂટી જાય ત્યારે દિવાની કળ મળે.
આગથી દરેક વસ્તુ સળગે છે,
દરેક વસ્તુથી આગ કેમ નહીં ?
નાનાથી નથી કરતો મોટો,
મોટાથી નાનો કેમ ?
માછલી વિના નથી તડપતું જળ,
જળ વિના માછલી કેમ ?
ગરીબોથી નથી દબાતા અમીર,
અમીરથી ગરીબ કેમ ?
સમય નથી જોતો રાહ કોઈની,
દરેક જણ સમયની કેમ ?
નવો સમય આવે છે જેમ,
જૂનો સમય જાય છે તેમ ?
સમયનું આ ચક્ર રહી જશે,
ચાલશે સમયનું ચક્ર એમ ને એમ, એમ ને એમ.

- યોગેશ સિકલ

# વૃક્ષો વિશે અવનવું : વાંચો, વંચાવો ને વિચારો...

ઘડીભર એક કલ્પના કરો કે જગતમાં કોઈપણ વૃક્ષ કે વનસ્પતિ જ નથી તો શું થાય ? એક જ જવાબ જડે છે : કોઈ પણ જીવ ધરતી ઉપર જીવી જ ના શકે ! વૃક્ષોના સમગ્ર માણસ અને પ્રાણી-પક્ષી ઉપર એટલા બધા ઉપકાર છે કે એનો હિસાબ કરવા બેસીએ તો એનો કદી પાર જ ના આવે. માન્યામાં નથી આવતું ? તો હવે પછી ધ્યાનથી વાંચો, વંચાવો અને વિચારો.

વૃક્ષો આપણને પ્રાણવાયુ આપે છે, આપણી ધરતીમાતાનું મૂળ દ્વારા ધોવાણથી રક્ષણ કરે છે, તમામ પક્ષીજગતને રહેવા માટે એ રહેઠાણ પૂરું પાડે છે. આપણને ફૂલ, ફળ, બળતણ, ઈમારતી લાકડું, વિવિધ પ્રકારની ઔષધિ, ખાવા માટે અનેક ચીજવસ્તુઓ આપે છે. પ્રાણીઓ માટે ઘાસ-પાંદડાં પૂરાં પાડે છે. પર્યાવરણની એ જાળવણી કરે છે, આબોહવાનું શુદ્ધિકરણ કરે છે અને સૌથી મહત્ત્વની બાબત તો એ છે કે આપણને એ વરસાદ આપે છે.



વરસાદ ન પડે તો શું થાય ? રામ બોલો ભાઈ રામ. હવે બોલો : વૃક્ષોના આપણા ઉપર અગણિત ઉપકાર છે કે નહિ ? હા છે. વૃક્ષો પાસેથી અપાર લાભ મેળવ્યા પણ લઆપણે વૃક્ષો માટે શું કર્યું ? આ એક યક્ષ પ્રશ્ન છે. વૃક્ષો માટે જે કરવું જોઈએ એ માનવજાતે નથી કર્યું પણ જે નથી કરવા જેવું એ બધું કર્યું છે !!

વૃક્ષો કોને કહેવાય ? વનસ્પતિ કોને કહેવાય ? વૃક્ષોની જાળવણી કેમ થાય ? આ બધું આજે આપણે જાણવાનું છે. આજે વૃક્ષોના જાણકાર કેટલા ? દસ વેલાનાં નામ કહો, દસ પીળાં ફળો જણાવો, દસ સફેદ રંગનાં ફૂલનાં નામ કહો, તો એક... બે... ત્રણ... ચાર... નામ પછી ભલભલાને પરસેવો છૂટવા માંડે છે !! આ આપણી કરૂણતા નથી તો બીજું શું ?



જેને સૌ પ્રથમ ફૂલ બેસે પછી ફળ થાય એને વૃક્ષ કહેવાય છે, જેને કદી ફૂલ બેસતાં જ નથી પણ સીધેસીધાં ફળ બેસી જાય તેને વનસ્પતિ કહે છે, જેનાં સીધા ફળ જમીનની અંદર પાકે છે તેને કંદમૂળ કહેવાય છે, જે પ્રાણીઓના ખાવામાં આવે છે અને જે લીલા રંગનું છે તેને ચાર કહેવાય છે, જે સૂકાઈ ગયા પછી પ્રાણીઓના ખાવા માટે ઉપયોગમાં આવે છે તેને ઘાસ કહેવાય છે, જેને થડ નથી, ડાળ નથી, જેના ઉપર ફૂલ બેસે છે તેને વેલ કહેવાય છે. જેના ઉપર ફળ, ફૂલ, પાન બેસે છે તેને વેલા કહેવાય છે. જેની ઊંચાઈ ઓછી છે તે છોડ કહેવાય છે અને જેને થડ, છાલ, મૂળ, પાન, ફૂલ, ફળ, રસ, ગુંદર વગેરે હોય છે અને સામાન્ય રીતે ઊંચાં હોય છે તેને ઝાડ કહેવાય છે. આમાંય આશ્ચર્ય ઉપજાવે તેવી અનેક બાબતો છે. એક વિહંગાવલોકન કરી લઈએ :

કેરડાં એક એવી જાત છે જેને કદી એક પણ પાંદડું બેસતું જ નથી. ફળ થાય છે જેનું આપણે અથાણું હોંશે હોંશે ખાઈએ છીએ. અમરવેલ એક એવી વેલ છે જેને મૂળ નથી, પાન નથી, ફૂલ નથી કે ફળ નથી, બી નથી. છતાં આપોઆપ જ થાય છે !! ઉમરડો, વડ, પીપળો, પીપળ એવાં છે કે એને ફૂલ બેસતાં જ નથી, સીધેસીધાં ફળ થાય છે. સૌથી વધુ નવાઈ તો એ વાતની છે કે ઉંમરાના ઝાડને તો થડ ઉપર પણ ફળ બેસે છે, ડાળીની પણ જરૂર નહિ (ડાળી ઉપર પણ ઉંમરડાં બેસે છે), આંબો, રાયણ, દાડમ એવાં છે કે પ્રથમ ફૂલ બેસે પછી જ ફળ થાય. ફ્લાવર ફૂલ છે જે દડાના આકારમાં થાય છે અને આપણે તેનું શાક કરીએ છીએ. અને હા, કોબી પણ ફૂલ જ છે. (અપૂર્ણ)

- પી એમ પરમાર 'દર્શન'

